પાલનપુરમાં ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા દારૂના અડ્ડા પર જનતા રેડ

પાલનપુર, તા. ૧

પાલનપુરમાં આજે ક્ષત્રીય ઠાકોર સેના દ્વારા વ્યસન મુક્તિ અભિયાનને વેગવંતુ બનાવવા માટે શહેરના કેટલાક સ્થળો ઉપર ચાલતા દારૂના અડ્ડાઓ ઉપર જનતારેડ કરવામાં આવી હતી. પોલીસને સાથે રાખીને કરવામાં આવેલી આ જનતા રેડમાં બાવરીઠેરા તેમજ તાજપુરામાંથી દેશી દારૂ મળી આવતા પોલીસ દ્વારા દારૂના મામલે ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

બનાસકાંઠામાં દારૂબંધીનો કડક અમલ થાય તે માટે ક્ષત્રીય ઠાકોર સેના દ્વારા વ્યસન મુક્તિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જેમાં લોકો વ્યસન મુક્તિના સંકલ્પ લઈ દારૂના દૈત્યને દેશવટો આપી રહ્યા છે, તો બીજી બાજુ બનાસકાંઠાના વડામથક પાલનપુરમાં પોલીસતંત્રની

રહેમનજર હેઠળ શહેરના વિવિધ વિસ્તારોમાં દેશીદારૂનું વેચાણ થતુ હોઈ શહેરમાં વ્યસન મુક્તિનું પાલન થાય તે માટે આજે ક્ષત્રિય ઠાકોર સેના જનતા રેડ કરવામાં આવી હતી.

ક્ષત્રિય ઠાકોર સેના પાલનપુર શહેરના પ્રમુખ હરેસ ઠાકોર, તાલુકા પ્રમુખ જગદીશ ઠાકોર અને ૨૫૦ જેટલા યુવાનોએ શહેરની પશ્ચિમ તેમજ પૂર્વ પોલીસને સાથે રાખી માનસરોવર રોડ ઉપર આવેલ બાવરીઠેરા, હરીપુરા અને તાજપુરામાં દરોડા પડ્યા હતા. જેમાં બાવરીઠેરામાંથી ૨૭ લીટર દેશી દારૂ, બે-ત્રણ માટલા ભરેલો વોશ મળી આવ્યો હતો. જ્યાં ઢુંઢીયાવાડીના તાજપુરામાં આવેલા પોપટજી ઠાકોરના અડ્ડા ઉપર રેડ કરવામાં આવતા અહીંથી દેશીદારૂનો જથ્થો મળી આવ્યો હતો.

જોકે આ જનતારેડ અંગે બુટલેગરોને માહિતી મળતા જનતારેડને માહિતી મળતા જનતારેડ ત્રાટકે તે પહેલા બુટલેગરો ભાગી છુટ્યા હતા. જોકે શહેરમાં દેશીદારૂની સાથે કેટલાક તત્વો વિદેશી દારૂનું હોમ ડીલેવરીથી વેચાણ કરી તગડી કમાણી રળી રહ્યા છે. હાલ દારૂ મામલે ઠાકોર સેના અને જિલ્લા પોલીસ વડા લાલઘુમ હોઈ કેટલાક બુટલેગરો ડબલના ભાવે વિદેશી દારૂનું છાને-છપને વેચાણ કરી રહ્યા છે. ત્યારે પોલીસ દ્વારા વિદેશી દારૂનું વેચાણ કરતા ફોલ્ડરીયાઓને ઝડપી પાડવામાં આવે તે પણ જરૂરી છે.

ડીસા-પાલનપુરનું બસ ભાડુ ૨૪ અને પ્રાઈવેટ જીપમાં ૨૦ રૂપિયા

કેટલાક કંડક્ટરો વિના ટિકિટે માલસામાન સીટોમાં મુકી લઈ જાય છે

ડીસા, તા. ૧

ડીસા-પાલનપુર એસ.ટી. બસનુંભાડુરૂ. ૨૪ અને પ્રાઈવેટ જીપોમાં રૂ. ૨૦ ભાડુ હોવાથી મોટા ભાગના મુસાફરો પ્રાઈવેટ જીપોમાં જ જવા આવવાનું રાખે છે. એટલે એસટીની આવકમાં ફટકો પડી રહ્યો છે.

સરકાર દ્વારા વખતો વખત ડીઝલના ભાવમાં ઘટાડો થાય છે. એક વર્ષની અંદર બે થી ત્રણ વાર

ડીઝલના ભાવમાં વધારો ઘટાડો થતો રહ્યો છે. પરંતુ એસ.ટી. તંત્ર દ્વારા પાણીમાં ઘટાડો કરાયો નથી. હાલમાં પાલનપુરથી ડીસાની એસ.ટી. બસનું ભાડુ રૂ. ૨૪ છેલ્લા કેટલાક વર્ષોથી ચાલે છે. વળી પેસેન્જર પાસે રૂ. ૨૪ છુટા હોતા નથી એટલે ટીકિટ માટે રૂ. ૩૦ કંડક્ટરને આપે છે. જ્યારે કંડકટર પણ ૬ રૂપિયા છુટા નથી અને ૬ રૂપિયા જોઈતા હોય તો બસ ડેપોમાં આવો તેવો જવાબ આપે છે. એટલે બસ સ્ટેન્ડમાં નહી ઉતરનારા મુસાફરો ૬ રૂપિયા જતા કરે છે. જ્યારે બસ સ્ટેન્ડમાં પણ કંડક્ટર એક વ્યક્તિને ૬ રૂપિયા અલગ-અલગ આપવાને બદલે બે થી ત્રણ મુસાફરોને ભેગા નાણા આપી છુટા કરાવી નાણા લઈ જવા જણાવે છે. એટલે જીપ કરતા વધારે ભાડુ અને છુટાના રામાયણ કરતા મુસાફરો જીપમાં બેસવાનું પસંદ કરે છે. વળી કેટલાક કંડક્ટરો લગેજ ટીકિટ આપ્યા વિના પોતાના સંબંધીઓ કે પરીચિતોને લગેજો બસમાં લઈ જતા હોય છે. તે પણ વજન ઉપર મુકવાને બદલે બસમાં સીટો પર મુકી દેવામાં આવે છે. જેના કારણે મુસાફરો માટે બેસવાની જગ્યા હોતી નથી.

પાલનપુરમાં વિશ્વાસ ડાયમંડ ફેક્ટરીમાં શોર્ટ સર્કીટથી આગ લાગતા મચી અફરાતફરી

ફેક્ટરીમાં કામ કરતા ૧૦૦થી વધુ રત્ન કલાકારોનો આબાદ બચાવ

પાલનપુર, તા. ૧

પાલનપુર શહેરના ઢુંઢીયાવાડી જીઆઈડીસી વિસ્તારમાં આવેલા એક ડાયમંડના કારખાનામાં અચાનક આગ લાગતા દોડધામ મચી જવા પામી હતી. જોકે સમયસુચકતાને પગલે મોટી હોનારત ટળતા કારખાનામાં

કામ કરતા ૧૦૦થી વધુ રત્નકલાકારોનો આબાદ બચાવ થયો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરના ઢુંઢીયાવાડી રોડ પર પાલનપુર તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ અમૃતભાઈની વિશ્વાસ ડાયમંડ નામની હીરાના ફેક્ટરી આવેલી છે. જેમાં આજે શોર્ટ સર્કિટના કારણે અચાનક આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાની જાણ થતા પાલિકાના પૂર્વ પ્રમુખ અમૃતભાઈ જોષીએ ફાયર ફાઈટરને જાણ કરતા પાલિકાનું ફાયર ફાઈટરે દોડી આવી આગ પર કાબુ મેળવ્યો હતો. જોકે આગની જાણ થતા સમય વર્તે સાવધાન થઈ બહાર દોડી આવતા ૧૦૦થી વધુ રત્ન કલાકારોનો બચાવ થયો હતો. આગને કારણે વીજ વાયરોને નુકસાન થયુ હોવાના અહેવાલ સાંપડ્યા છે. જોકે જાનહાની અને મોટી હોનારત ટળતા ફેક્ટરની સંચાલકોએ હાશકારો અનુભવ્યો હતો. ઘટનાને પગલે લોકોના ટોલેટોળા ઉમટી પડ્યા હતા.

પાઠ્ય પુસ્તક કૌભાંડમાં સંડોવાયેલ હેડ ક્લાર્ક સસ્પેન્ડ

હિંમતનગર, તા. ૧

રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા સાબરકાંઠા જિલ્લાના ગરીબ અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આપવા માટે મોકલાવેલા રૂ. ૫૫ લાખથી વધુ રકમના પુસ્તો માત્ર રૂ. ૨ લાખમાં વેચી મારવાના કૌભાંડમાં ગાંભોઈ પોલીસે જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં ફરજ બજાવતા હેડ ક્લાર્કની ધરપકડ કરી જેલ હવાલે કરી દીધા બાદ જામીન પર છુટકારો થયો હતો. જે અંતર્ગત શુક્રવારે જિલ્લા શિક્ષણાધિકારીએ પુસ્તક કૌભાંડમાં સંડોવાયેલ હેડ ક્લાર્કને સસ્પેન્ડ કરી રાજકોટ ડાયેટ કચેરી ખાતે ફરજ બજાવા માટેનો આદેશ કર્યો હતો.

આ અંગેની વિગત એવી છે કે સાબરકાંઠા જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં ફરજ બજાવતા સિનીયર ક્લાર્ક ભરત પંડિતની સાથે અન્ય શખ્સોની પણ ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ પુછપરછમાં હેડ ક્લાર્ક દિતાજી એસ. ઠાકોરનું નામ ખુલતા ગાંભોઈ પોલીસ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં ફરજ બજાવતા હેડ ક્લાર્કની ગાંભોઈ પીએસઆઈ કોમલ રાઠોડ દ્વારા ધરપકડ કરી વધુ પુછપરછ માટે રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી. ત્યારબાદ હેડ ક્લાર્કનો કોર્ટમાં જામીન પર છુટકારો થયો હતો. જે સંદર્ભમાં જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. બિપીનચંદ્ર ત્રિવેદીએ પુસ્તક કૌભાંડમાં સંડોવાયેલ હેડ ક્લાર્ક દિતાજી ઠાકોરને શુક્રવારે સસ્પેન્ડ કરી રાજકોટ ડાયેટ કચેરીના હવાલે મોકલવાનો આદેશ કર્યો હતો. પુસ્તક કૌભાંડમાં સંડોવાયેલા હેડ ક્લાર્કને સસ્પેન્ડ કરવાના આદેશ બાદ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં સોંપો પડી ગયો હતો.

આજે ખેડબ્રહ્મા અને પોશીના ખાતે લોક સંવાદ સેતુ યોજાશે

હિંમતનગર, ત. ૧

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા અને પોશીના તાલુકાનો લોક દરબાર કાર્યક્રમ આજે તા. ૨ એપ્રિલ, ૨૦૧૬ના રોજ સવારના ૧૦.૦૦ કલાકે પોશીના તાલુકા સેવા સદન ખાતે સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી રમણલાલ વોરા તથા રાજ્યકક્ષાના મંત્રી દિલીપ ઠાકોરની અધ્યક્ષતામાં યોજાશે.

મણીયોરમાં પરિણીતાને ત્રાસ અપાતા ૮ સામે ફરિયાદ

હિંમતનગર, તા. ૧

ઈડર તાલુકાના મણિયોર ગામે રહેતી એક પરિણીતાને પતિ સહિત આઠ સાસરીયા દ્વારા છેલ્લા પાંચ વર્ષથી શારીરિક અને માનસિક ત્રાસ આપી તેની પર ખોટો વહેમ રાખી મારઝુડ કરી ત્રાસ અપાતા પરિણીતાએ મંગળવારે આઠ સાસરીયા વિરૂદ્ધ ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ મણિયોર ગામે રહેતા વિલાસબેનને તેમના પતિ જગદીશભાઈ રમાભાઈ સુતરીયા, સાસુ ધુળીબેન રામાભાઈ સુતરીયા, ઈશ્વરભાઈ રામાભાઈ સુતરીયા, વર્ષાબેન ઈશ્વરભાઈ સુતરીયા, રૂદ્રાક્ષ જગદીશભાઈ સુતરીયા, ગીતાબેન નરેશભાઈ વણકર, નરેશભાઈ ધર્માભાઈ વણકર તથા જગદીશભાઈના એક પુત્ર દ્વારા અવારનવાર શારીરિક અને માનસિક ત્રાસ આપી મારઝુડ કરી ખોટો વહેમ રાખી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવતી હતી.

ધાનેરા આરટીઓ કેમ્પમાં ઉઘાડી લૂંટ

ધાનેરા, તા. ૩૧

બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં યોજોયલા આરટીઓ કેમ્પમાં ઉઘાડી લૂંટ જોવા મળી રહી હતી. તો બીજી તરફ ગાડી પર રેડીયમ લગાવનાર તત્વો કેમેરો જોઈ ભાગવા લાગ્યા હતા.

બનાસકાંઠા જિલ્લાના દરેક તાલુકામાં મહિનામાં એક વખત આરટીઓનો કેમ્પ યોજાય છે. જેમાં જે તે વિસ્તાર વાહનો પાસીંગ કરવામાં આવતા હોય છે. ત્યારે વાહન પાસીંગ કરાવવા આવતા લોકો ખુલ્લેઆમ લુંટાઈ રહ્યા હોય તેવી લાગી રહ્યું છે. વાહનો પાસીંગ કરાવવા માટે વાહનો ઉપર રેડીયમ પટ્ટી લગાવવામાં આવતી હોય છે આરટીઓના કેમ્પમાં ગઈ હતી અને કેમેરા જોઈ રેડીયમ લગાવતા એજન્ટો ભાગવા લાગ્યા હતા. આ એજન્ટો પાલનપુરથી ધાનેરા આવી

રેડીયમ લગાવનાર તત્વો કેમેરો જોઈ ભાગ્યા

પરંતુ આ રેડીયમ પટ્ટી લગાવતા એજન્ટો જણે વાહન ચાલકોને લુંટી રહ્યા હોય તેમ વાહન ચાલકો પાસેથી બમણા પૈસા લઈ વાહન ઉપર રેડીયમ પટ્ટી લગાવતા હોય તેવી રાડ ઉઠવા પામતા મીડિયા ટીમ પણ વાહનો પર રેડીયમ લગાવે છે. તો બીજી તરફ રેડીયમ લગાવતા એજન્ટ ખુદ જ જણાવી રહ્યા છે કે અમે આરટીઓ સાથે આવ્યા છીએ અને અમે કોન્ટ્રાક્ટ મુજબ પટ્ટી લગાવીએ છીએ.

તો બીજી તરફ આ કેમ્પમાં એક જ વાત સાંભળવા મળી રહી હતી કે આરટીઓ શ્રી આ એજન્ટોને સાથે લઈને આવે છે અહી એક સવાલ એ ઉભઓ થાય છે શું ધાનેરામાં રેડીયમ લગાવનાર કોઈ નથી? આ લોકો પાલનપુરથી રેડીયમ લગાવવા ધાનેરા કેમે આવે છે, કોની મહેરબાનીથી ધાનેરા આવી વાહનચાલકોને લુંટે છે, આવા અનેક સવાલો લોકોમાં ઉઠવા પામ્યા છે. લોકોએ તો આરટીઓ પર આક્ષેપ કર્યો છે કે આરટીઓ એજન્ટોને સાથે લઈને આવે છે અને તેમની કમાણી આરટીઓ શ્રી ભાગીદાર પણ છે. પણ જો આરટીઓ શ્રી ભાગીદાર ન હોય તો આવા લોકો સામે કાયદેસર પગલા ભરે અને વાહનચાલકોને લુંટાતા બચાવે હવે જોવાનું એ રહે છે કે આરટીઓ શ્રી આ એજન્ટો સામે શું કાર્યવાહી કરે છે તે તો આવનારો સમય જ બતાવશે.

ધાનેરામાં રેડીયમ લગાવનાર કોઈ નથી, પાલનપુરથી રેડીયમ લગાવવા ધાનેરા કેમ આવે છે ? કોની મહેરબાનીથી ધાનેરા આવી વાહનચાલકોને લૂંટે છે

દિયોદર અને શિહોરી મુકામે પ્રભારી મંત્રીના અધ્યક્ષસ્થાને લોક સંવાદ સેતુ કાર્યક્રમ યોજાયો

પાલનપુર, તા. ૧

બનાસકાંઠા જિલ્લાના દિયોદર અને શિહોરી મુકામે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા બનાસકાંઠા જિલ્લાના

પ્રભારી મંત્રી શ્રી રમણલાલ વોરાના અધ્યક્ષસ્થાને લોક સંવાદ સેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં દિયોદર તાલુકાના કુલ ૨૧૬ અને શિહોરી તાલુકાના કુલ ૫૯ પ્રશ્નો રજુ થયા હતા. જે પૈકી મોટા ભાગના પ્રશ્નોનું સ્થળ ઉપર જ હકારત્મક અને સંતોષકારક નિરાકરણ લાવવામાં આવ્યું હતું. તમામ પ્રશ્નોને મંત્રીશ્રીએ સાંભળીને તેનો હકારાત્મક ઉકેલ આવે તેવા નિર્ણયો લેવામાં આવ્યા હતા. તથા નીતિવિષયક નિર્ણયોને લગતા પ્રશ્નો સરકારશ્રીમાં રજુ કરવા તેમણે જણાવ્યું હતું.

આ પ્રસંગે મંત્રીશ્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે, પ્રજાના પ્રશ્નોનું ઝડપથી, સુખદ અને કાયમી નિરાકરણ લાવવા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના માર્ગદર્શન અનુસાર યોજાતા લોક સંવાદ સેતુ કાર્યક્રમને નોંધપાત્ર સફળતા મળી છે. તેમણે ઉમેર્યું કે આ પ્રથમ તબક્કાનો કાર્યક્રમ છે. આગામી દિવસોમાં બીજા તબક્કાનો કાર્યક્રમ યોજાશે જેનાથી રાજ્યની પ્રજાના પ્રશ્નોનું નિરાકરણ લાવી શકાશે. મંત્રીશ્રીએ જણાવ્યું કે નિતિ વિષયક પ્રશ્નોનું રાજ્ય સરકારશ્રી દ્વારા ઝડપભેર નિરાકરણ લાવવામાં આવશે. તેમણે કહ્યું કે નોન પ્લાન રસ્તાઓને પ્રાયોરિટી આપીને વધુ ગામોને જોડતા રસ્તાઓ પ્રથમ બનાવાશે. તેમણે જણાવ્યું કે બજેટમાં રૂ. ૨૫૦૦ કરોડની જોગવાઈ નોન પ્લાનના રસ્તાઓ માટે ખાસ કરવામાં આવી છે. આગામી ત્રણ વર્ષમાં આવા રસ્તાઓના કામ પૂર્ણ કરાશે એમ મંત્રીશ્રી વોરાએ જણાવ્યું હતુ. તેમણે કહ્યું કે ૦ થી ૧૬ના સ્કોરમાં આવતા લાભાર્થીઓ પૈકી જેમને પ્લોટ ન મળ્યો હોય તેમને પ્લોટ ફાળવવા સુચના આપવામાં આવી છે.

કાર્યક્રમમાં રજુ થયેલ પ્રશ્નોમાં પ્રાથમિક શાળાના વરંડા બનાવવા, પીવાનું પાણી, રસ્તા, વીજળી, એસટી બસ સુવિધા, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બનાવવા, પશુ દવાખાનુ બનાવવા અંગે, પીવાના પાણીના નવિન બોર, રેશનકાર્ડ, દબાણ દૂર કરવા, નવિન આંગણવાડી, તળાવો ઉંડા કરવા, રેશનકાર્ડ વિભાજન, ગટરલઈન, ખેતરોમાં રહેતા લોકોને ચોવીસ કલાક સીંગલ ફેઈઝ વીજ સુવિધા આપવા અંગે, પંચાયત ઘર બનાવવા અંગે, શિહોરી તાલુકામાં સ્થાનિક લોકોને ટોલનાકા ઉપર અવરજવર માટે મુક્તિ આપવા અંગે, સિંચાઈ સુવિધા આપવા અંગે વગેરે જેવા પ્રશ્નો રજુ થયા હતા. મંત્રીશ્રીએ પ્રજાના પ્રશ્ને કાળજીપૂર્વક અને સત્વરે હલ કરવા સંબંધિત અધિકારીશ્રીઓને સુચના આપી હતી.

તલોદ લાયન્સ ક્લબ દ્વારા નિઃશુલ્ક કેન્સર રોગ નિદાન કેમ્પ યોજાયો

તલોદ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાના તલોદ ખાતે લાયન્સ ક્લબ ઓફ તલોદના ઉપક્રમે વિના મુલ્યે કેન્સરના રોગના નિદાનનો કેમ્પ યોજાયો હતો. સંજીવની રથ દ્વારા આ કેમ્પમાં મહિલાઓ માટે ખાસ તપાસ સુવિધા પુરી પાડવામાં આવી હતી. કેમ્પનો લાભ ૩૩૪ લાભાર્થીઓએ લીધો હતો. જે પૈકીના ૨૪ જેટલા લાભાર્થીઓને શંકાસ્પદ કેન્સરના દરદી તરીકે નિદાન કરી તેઓને વિસ્તૃત નિદાન અને સારવારની સલાહ આપવામાં આવી હતી.

તલોદ ખાતે યોજાયેલા આ કેમ્પમાં તલોદ તાલુકા પંથકની મહિલાઓએ ખાસ નિદાનનો લાભ લીધો હતો. સંજીવની રથ દ્વારા આ કેમ્પમાં મહિલાઓ માટે ખાસ સોનોગ્રાફી, મેમોગ્રાફી, પેપટેસ્ટ અને આયોડીન ટેસ્ટની સુવિધા ઉપલબ્ધ કરવમાં આવી હતી. જેના રિપોર્ટ પણ સ્થળ ઉપર જ આપી દેવામાં આવેલા. અહીં સ્તન કેન્સર અને ગર્ભાશયના કેન્સર માટે મહિલાવર્ગમાં ભારે જાગૃતિ જોવા મળી હતી. જેથી મોટી સંખ્યામાં મહિલા વર્ગ કેન્સર નિદાન કરાવ્યું હતું. પુનઃ આવા કેમ્પનું આયોજન થાય તેવી લોકલાગણી ઉદ્‌ભવી હતી.

પાલનપુરમાં વેરો વધારો રદ કરવા કોંગ્રેસ દ્વારા નિવાસી કલેક્ટરને આવેદન પત્ર અપાયુ

પાલનપુર, તા. ૧

પાલનપુર નગરપાલિકાના ૩૦-૩-૨૦૧૬ના રોજ મળેલી સાધારણ સભાની તમામ કાર્યવાહી અને વેરો વધારો રદ કરવાની માંગ સાથે આજે કોંગ્રેસ સમિતિ દ્વારા નિવાસી કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના તા. ૩૦-૩-૨૦૧૬ના રોજ જનરલ બોર્ડની સામાન્ય સાધારણ સભા મળી હતી. જેમાં એજન્ડામાં ૧ થી ૧૧ કામોના મુદ્દા સામેલ હતા ત્યારે ત્યારે શાસકપક્ષ ભાજપના સભ્યોએ કોઈપણ જાતની ચર્ચા કર્યા વિના તેમજ મુદ્દાઓને વંચાણે લીધા વીના જ ૧ થી ૧૧

મુદ્દાઓને મંજુર કરી સભા આટોપી લીધી હતી. જોકે પાલિકાના બોર્ડમાં કામોને વંચાણે કે ચર્ચા કરવામાં ન આવતા અને સભા ગણતરીની મિનિટોમાં જ પતાવી દેતા વિપક્ષ કોંગ્રેસે હંગામો મચાવ્યો હતો. જોકે આ સભામાં બજેટ તેમજ પ્રાથમિક સુવિધાઓ માટે શહેરીજનો ઉપર કમ્મરતોડ કરવેરો લાદવામાં આવ્યો હતો. કોંગ્રેસે જનરલબોર્ડ અને વેરા વધારાનો ઉગ્ર વિરોધ કર્યો હતો અને આ જનરલ બોર્ડ તેમજ વેરા વધારાને રદ કરવાની માંગ સાથે આજે કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. બાદમાં નિવાસી કલેક્ટર મીસ્ત્રીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યુ હતુ જેમાં તેમની માંગ સંતોષવામાં નહી આવે તો આવનારા સમયમાં પ્રજાજનો સાથે રાખી ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન છેડવાની ચીમકી ઉચ્ચારી હતી. આ પ્રસંગે ધારાસભ્ય મહેશભાઈ પટેલ, શહેર કોંગ્રેસ પ્રમુખ મુકેશ ચૌહાણ, નગર સેવક અમૃતભાઈ જોષી સહીત આગેવાનો કાર્યકર્તાઓ અને નગરસેવકો હાજર રહ્યા હતા.

માલપુર સનરાઈઝ ઈન્ટરનેશનલ સ્કૂલમાં વાર્ષિક મહોત્સવ યોજાયો

અરવલ્લી જિલ્લા માલપુર ખાતે આવેલી સનરાઈઝ ઈન્ટરનેશનલ સ્કૂલનો ત્રીજો વાર્ષિક મહોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. અરવલ્લી જિલ્લાના જાણીતા કટાર લેખક ડૉ. સંતોષ દેવકર અને જીવદયા પ્રેમી નિલેષ જોષીના અધ્યક્ષસ્થાન હેઠળ યોજાયેલા આ વર્ષિક મહોત્સવમાં શાળાના ૩૫૦ વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિ કાર્યક્રમો, કરાટે, તેમજ અન્ય રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું.

ડૉ. સંતોષ દેવકર અને જીવદયા પ્રેમી નિલેષભાઈ જોષીએ ૩૫૦ બાળકો અને તેમના વાલીઓને આધુનિક શિક્ષણ સાથે બાળકોનો તાલમેલ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શાળાના ટ્રસ્ટી અનિરૂદ્ધસિંહ વિરપુરા દ્વારા બાળકોને વિવિધ પ્રોત્સાહક ઈનામોથી નવાજવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સ્કૂલના મહિલા પ્રિન્સિપાલ વિરલબેન વિરપુરા અને સ્ટાફ મિત્રો દ્વારા કરવામાં આવ્યું હતું.